


**તા. ૮/૧૦/૨૪ : વનવિભાગ દ્વારા વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ**ની જીલ્લા કક્ષાની ઉજવણીમાં ડૉ. આંબેડકર ભવન ખાતે ધો. ૧૧ વિ.પ્ર.ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો જયોતિબેન મજિઠિયા અને સુહેલભાઇ ભરૂચી ઉપસ્થિત રહ્યા હતા.

**તા. ૧૦/૧૦/૨૪ : શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જયદીપભાઇ જાધવ** હાલ પૂનામાં કાર્યરતનો ધો. ૧૧, ૧૨ વિ.પ્ર.ના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજવામાં આવ્યો. તેમણે વિદ્યાર્થીઓને અંગ્રેજીના મહત્વ વિશે, પરીક્ષાની તૈયારી વિશે તથા વિવિધ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા વિશે માર્ગદર્શન આપ્યું.

**તા. ૨૩/૧૦/૨૪ : દિવાળી પર્વની ઉજવણી** નિમિતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાના ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ પોતાના વર્ગખંડ, લેબ, લાઇબ્રેરી, લોબી તથા શાળા પરિસરની સફાઇ કરી.






**તા. ૨૪,૨૫/૧૦/૨૪ : દિવાળી પર્વની ઉજવણી** નિમિતે શાળાની ધો. ૯,૧૦ અને ૧૧ ના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ દ્વારા શાળામાં **સુંદર મજાની રંગોળી** બનાવી.







**તા. ૪/૧૨/૨૪ : મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીની કચેરી, ભરૂચ** માંથી આવેલ **ગોહિલ વર્ષાબેન, સોલંકી શેતલબેન, ચૌધરી કૃપાબેન તથા સખી વન સ્ટોપ સેન્ટર ભરૂચમાંથી આવેલ મકવાણા રીટાબેન** દ્વારા ધો. ૯ અને ૧૧ ની **વિદ્યાર્થિની બહેનોને ગુડ ટચ-બેડ ટચ, બહેનો માટેની વિવિધ સરકારી સહાય તથા બહેનોની સુરક્ષા માટેની સરકારની સહાયતાઓ** વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત **સાયબર ક્રાઇમ ભરૂચમાંથી આવેલ શ્રી સુલતાનભાઇ બાબિયા અને શ્રી હાર્દિકગીર ગોસ્વામી દ્વારા વિદ્યાર્થીનીઓને સાયબર સેફટી** અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.





**તા. ૧૯/૦૧/૨૫: ભૌતિક અનુસંધાન પ્રયોગ શાળા (PRL) અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી** અંતર્ગત ધો ૧૧ વિ.પ્રના વિદ્યાર્થીઓ માટે યોજાતી Screening Test માટે શાળાના ઉચ્ચ મેરીટ ધરાવતા ૧૦ વિદ્યાર્થીઓએ એમીટી સ્કૂલ ખાતે પરીક્ષા આપી.

શિક્ષણ એટલે જીવનની વિકટ પરિસ્થિતિઓનો મુકાબલો કરવાની શકિત

# આચાર્ય / શિક્ષક પ્રવૃત્તિઓ

**તા. ૧૬/૨/૨૪ :** મા.વિ. અને ઉ.મા. શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ગુણવત્તા સુધારણાનું સારું કામ કરવા બદલ શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ "**કોફી વીથ કલેક્ટર**" અંતર્ગત કાર્યક્રમમાં કલેક્ટર બંગલો ખાતે ઉપસ્થિત રહ્યા.





**તા. ૫/૭/૨૪ :** વી.સી.ટી. ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે યોજાયેલ ભૃગુઋષિ એસ.વી.એસ. કક્ષાની મિટીંગમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ હાજર રહ્યા હતા.

**તા. ૧૨/૭/૨૪ :** નારાયણ વિદ્યાવિહાર ખાતે N.C.P.C.R, New Delhi ના સાયબર સેફ્ટી અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતિ બિનીતાબેન ગોહિલ હાજર રહ્યા હતા.

**તા. ૧૮,૧૯/૭/૨૪ :** જીલ્લા શિક્ષણ તાલીમ ભવન, ભરૂચ દ્વારા યોજાયેલ ગણિત, વિજ્ઞાન વિષયની ૨ દિવસીય તાલીમમાં શાળાના શિક્ષક કૌશિકભાઇ મિસ્ત્રીએ ભાગ લીધો હતો.

**તા. ૪/૮/૨૪ :** ડાયેટ, ભરૂચ ખાતે યોજાયેલ વિજ્ઞાનમેળો અને કલા ઉત્સવ કાર્યક્રમની સંકલન બેઠક આયોજનમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ હાજર રહ્યા હતા.

**તા. ૨૧/૮/૨૪ :** સ્વામિનારાયણ મંદિર ઝાડેશ્વર ખાતે માતૃભાષાનું નવી શિક્ષણ નીતિમાં મહત્વ અંગે યોજાયેલ "વટથી ગુજરાતી" કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ તથા શિક્ષક શ્રી ચીમનભાઇ પરમાર, શ્રીમતી મનીષાબેન જાદવ હાજર રહ્યા હતા.



**તા. ૧૨/૯/૨૪ :** પી. પી. સવાણી યુનિવર્સિટી ખાતે યોજાયેલ આચાર્ય કાર્યશાળા કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ હાજર રહ્યા હતા.

**તા. ૧૧/૯/૨૪ :** જે. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે No Drugs in Bharuch Campaign અંતર્ગત ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા આયોજીત NDPS અવેરનેસ સેમીનારમાં પરેશભાઇ પટેલ તથા સુહેલભાઇ ભરૂચી હાજર રહ્યા હતા.

**તા. ૧૮ થી ૨૦/૯/૨૪ :** જીલ્લા શિક્ષણ તાલીમ ભવન, ભરૂચ ખાતે યોજાયેલ ગણિત વિષયના માસ્ટર ટ્રેનરની તાલીમમાં શાળાના શિક્ષકશ્રી કૌશિકભાઇ મિસ્ત્રીએ તાલીમ લીધી.

**તા.૧/૯/૨૪ :** સિગ્મા પબ્લીક સ્કૂલ,માતર, તા.આમોદ ખાતે યોજાયેલ પંડિત ઓમકારનાથ શાળા વિકાસ સંકુલના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૪માં શાળાના શિક્ષકો શ્રીપરેશભાઇ પટેલ તથા શ્રીકૌશિકભાઇ મિસ્ત્રીએ નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી.

**તા. ૨૩/૯/૨૪ :** જે.પી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે ગુજરાત સરકાર દ્વારા આયોજીત ભરૂચ જીલ્લાના વિકાસ કાર્યોના ખાતમૂહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમમાં શિક્ષિકા શ્રીમતી જયોતિબેન મજિઠિયા ઉપસ્થિત રહ્યા હતા.

**તા. ૯/૧૦/૨૪ :** SVD કક્ષાના વિજ્ઞાનમેળામાં GNFC સ્કૂલ ખાતે શ્રીમતી બિનીતાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા.

**તા. ૨૯/૧૧/૨૪: એમિટિ સ્કૂલ ભરૂચ ખાતે સરદાર પટેલ યુનિવર્સિટી ના પૂર્વ વડા પ્રો.એમ.એચ.વસાવડા** ના **"ચાલો અસરકારક અને રસપ્રદ રીતે શાળાના ગણિત શિક્ષણમાં પરિવર્તન લાવીએ"** વિષય આધારિત સેમિનારમાં શાળાના શિક્ષક શ્રી સુહેલભાઇ ભરૂચી હાજર રહ્યા હતા.

**તા. ૩૦/૧૧/૨૪ :** જીવવિજ્ઞાન વિષયના જિલ્લાના તજજ્ઞ શિક્ષક તરીકે ભરૂચની એમેટી શાળામાં શાળાના શિક્ષિકાબેન કુસુમબેન માવર હાજર રહ્યા.

**તા. ૪/૦૧/૨૫ : તપોવન સંસ્કાર અનુભૂતિ ધામ ખાતે યોજાયેલ ગુજરાતી માતૃભાષા કાર્યશાળા - ૫** તાલીમમાં શાળાના શિક્ષિકા શ્રીમતી મનીષાબેન જાદવે તાલીમ લીધી.

**તા. ૧/૨/૨૫:** જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,ભરૂચ તેમજ UPL યુનિવસીર્ટી ના સંયુકત ઉપક્રમે ચિલ્ડ્રન થીયેટર,અંકલેશ્વર ખાતે યોજાયેલ **"ગણિત-વિજ્ઞાન વિષય પર ચાલો કરીએ ચિંતન-મંથન"** કાર્યક્રમમાં શાળાના શિક્ષકો કિરણભાઇ પટેલ,વંદનાબેન ભાભોર તથા જયોતિબેન મજિઠિયાએ ભાગ લીધો હતો.